**<u>સિધ્ધપુર ના મે. એડી.ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમા,મુ.સિધ્ધપુર.</u>**

ફોજદારી કેસ નં. ૨૯૩/૨૦૨૬
આંક:-

ફરીયાદી :- શ્રી સરકાર

-:: <u>વિરુધ્ધ</u> :: -

આરોપી :- રફીકભાઇ મહમદભાઇ સિંધી

**ગુનો :- <u>બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ.</u>**

**-:: <u>ઠ રા વ</u> ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજાનુ વાહન રસ્તામાં વાહનોને તેમજ માણસોને અડચણરુપ થાય તે રીતે ઉભુ રાખી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ તે અંગેનું ચાર્જશીટ પોલીસે તપાસના અંતે અત્રેની અદાલતમા રજુ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ લોક અદાલતમાં હાજર રહેતા અને તેની સામેના ગુનાની કબુલાત કરતીથી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી,સમજાવી આરોપીનુ પ્રાથમીક નિવેદન લેતા તેમાં પણ આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.

(૩) આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત તેમજ ગુનાની ગંભીરતાને અને સંજોગોને ધ્યાને લેતા આરોપી ગરીબ વર્ગના ઈસમ છે તેમજ તેમનો પ્રથમ ગુનો છે તેમજ તેમનો ગુનો કબુલ મંજુર છે. તે સંજોગોમા આરોપીને હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>-:: હુ ક મ::-</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે તેની સામેના બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/- અંકે રૂપિયા સોનો દંડ અને દંડ ના ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

આરોપીના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સિધ્ધપુર.

(નિતિનચંદ્ર નવિનચંદ્ર દવે)
કોડ નં.જીજે ૦૧૦૬૯
એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર.